# સરદાર પટેલ યુનિવર્સિટી

## સંસ્કૃતની અભ્યાસ સમિતિની સભા

### કાર્યનોંધ

સંસ્કૃતની અભ્યાસ સમિતિની સભા તારીખ:૨૧/૧૨/૨૦૧૬ને બુધવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી કાયલિયના સેનેટ ખંડમાં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહયા હતાઃ

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. પરેશ પી. ત્રિવેદી | ૯. | પ્રો. નિરંજન પી. પટેલ |
| ૨. | ડૉ. એમ.બી.ચૌધરી | ૧૦. | પ્રો. એચ.એસ.મકવાણા |
| ૩. | ડૉ. વી.જી.પટેલ | ૧૧. | શ્રી એ.સી. પટેલ |
| ૪. | ડૉ. હેમા એલ. સોલંકી | ૧૨. | શ્રી વાય.બી.મહાલે |
| ૫. | પ્રો. વિ. જે. વણકર | ૧૩. | ડૉ. ગોપાલ એમ. શર્મા |
| ૬. | પ્રો. લલીત ડી. ચાવડા | ૧૪. | પ્રો. સી.કે.જાદવ |
| ૭. | ડૉ. વિપુલભાઇ એમ. શ્રીમાળી | ૧૫. | ડૉ. જી.એન.ઘડવી |
| ૮. | પ્રા. દિનેશસિંહ જી. રાજ | | |

સભાની શરૂઆતમા અધ્યક્ષશ્રીએ સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા અને ત્યાર બાદ સભાનુ કામકાજ શરૂ કર્યુ હતુ.

૧. તારીખ:૨૭/૭/૨૦૧૫ના રોજ મળેલ સંસ્કૃતની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૭/૭/૨૦૧૫ના રોજ મળેલ સંસ્કૃતની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૨. સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં લેવાનારી તમામ અભ્યાસક્રમના તમામ સેમેસ્ટરની યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં લેવાનારી તમામ અભ્યાસક્રમના તમામ સેમેસ્ટરની યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી સુધારા સહીત મંજૂર કરી પરીક્ષા વિભાગમાં સુપ્રત કરવી.

૩. સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયોની યુનિવર્સિટી પરીક્ષાઓના પ્રશ્નપત્રો ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક અને અનુસ્નાક તમામ વિષયોની યુનિવર્સિટી પરીક્ષાઓના પ્રશ્નપત્રો પર ચર્ચા વિચારણાં કરવામાં આવી.

ચાલુ...

૪. સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિવિધ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા માટેના એલીજીબીલીટી ક્રાઇટેરીયા ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત.

સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા વિવિધ પ્રોગ્રામોમાં પ્રવેશ મેળવવા માટેના એલીજીબીલીટી ક્રાઇટેરીયા અગાઉ મુજબ યથાવત રાખવા.

૫. સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક તથા અનુસ્નાતકના તમામ વિષયો માટે યુજીસી દ્વારા સૂચીત મોડલ કોર્ષ કરીક્યુલમને ધ્યાને લઇ ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમો તૈયાર કરવા તથા તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી કરવા ચર્ચા વિચારણા કરવા બાબત.

(A) સ્નાતક કક્ષાના તમામ વિષયો માટેઃ-

આથી ઠરાવવામાં આવે છે કે સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતકના તમામ વિષયો માટે યુજીસી દ્વારા સૂચિત મોડલ કોર્ષ કરીક્યુલમને ધ્યાને લઇ ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમો સુધારા વધારા સહિત મંજૂર કર્યા તથા તેનો શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી તેનો અમલ ક્રમશઃ કરવો.

(B) અનુસ્નાતક કક્ષાના તમામ વિષયો માટેઃ-

આથી ઠરાવવામાં આવે છે કે સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા અનુસ્નાતકના તમામ વિષયો માટે યુજીસી દ્વારા સૂચિત મોડલ કોર્ષ કરીક્યુલમને ધ્યાને લઇ ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમો સુધારા વધારા સહિત મંજૂર કર્યા તથા તેનો શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી તેનો અમલ ક્રમશઃ કરવો.

અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબત હાથ ધરવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

૧. શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી અનુસ્નાતક કક્ષાએ સંસ્કૃત વિષયમાં એક વર્ષનો સર્ટિફીકેટ કોર્ષ યોગા થિયરી અને પ્રેક્ટીસનો અભ્યાસક્રમ મંજૂર કરવામાં આવ્યો.
૨. સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતકના તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમની ક્રેડીટ ૩ની જગ્યાએ ૪ રાખવા ભલામણ કરેલ છે.

નંબરઃ ડી/એ/૬૧૨૨(૮)
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ૨૩/૧/૨૦૧૭

મદદનીશ કુલસચિવ

પ્રતિઃ
સંસ્કૃતની અભ્યાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ સારુ તથા સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયોની પરીક્ષકોની યાદી સુધારા અર્થે ચેરમેનશ્રીને મોકલી આપવા સારું.
નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર યુનિવર્સિટી વેબસાઇટ (નોટીસ અને સરક્યુલર) પર મૂકવા વિનંતી.